## એપ્સનો યુગ

# જ્યારે જરૂરિયાતો બદલાય, ત્યારે ટ્રેન્ડ પણ બદલાય

### ટેક્નોલોજીનો અર્થ હવે “સમય બચાવો” અને “સુવિધા મેળવો”

ડિજિટલ યુગમાં ટેક્નોલોજી માત્ર માહિતી મેળવવાનું સાધન રહી નથી–તે હવે આપણા દૈનિક જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે. વૈશ્વિક તણાવપૂર્ણ પરિસ્થિતિઓ વચ્ચે લોકોની પ્રાથમિકતાઓમાં આવેલા ફેરફારો હવે સ્પષ્ટ રીતે ડિજિટલ દુનિયામાં પણ જોવા મળી રહ્યા છે.તાજેતરમાં IndianOil ONE એપ Google Play Store પર ટોપ ટ્રેન્ડિંગ બની છે. ખાસ વાત એ છે કે આ એપે લોકપ્રિય પ્લેટફોર્મ ChatGPTને પણ પાછળ છોડી દીધું છે. આ માત્ર ટ્રેન્ડ નથી–આ સમયના બદલાતા વલણોનો સ્પષ્ટ સંકેત છે. **-મયુર ભુસાવળકર (સાયબર એક્સપર્ટ)**



### જરૂરિયાત આધારિત ડિજિટલ વલણ : સુવિધા જ સૌથી મોટી પસંદગી

આજનો યુઝર હવે મનોરંજનથી આગળ વધીને પ્રાયોગિક અને ઉપયોગી સેવાઓ તરફ વળી રહ્યો છે. ગેસ બુકિંગ, પેટ્રોલ પેમેન્ટ, બિલ ચુકવણી જેવી દૈનિક જરૂરિયાતોને સરળ બનાવતી એપ્સ લોકો માટે પ્રથમ પસંદ બની રહી છે.ટેક્નોલોજીનો અર્થ હવે “સમય બચાવવો” અને “સુવિધા મેળવવી” બની ગયો છે. એક ક્લિકમાં સેવા મળવી–આજના યુગનું સૌથી મોટું આકર્ષણ છે. તેથી જ IndianOil ONE જેવી એપ્સ ઝડપથી લોકપ્રિય બની રહી છે.




### ડિજિટલ વિશ્વમાં વિશ્વાસનો વધારો: સરકારી સેવાઓનો ઉછાળો

આ ટ્રેન્ડનો બીજો મહત્વપૂર્ણ પાસો છે–સરકારી અને જાહેર ક્ષેત્રની ડિજિટલ સેવાઓ પ્રત્યે વધતો વિશ્વાસ. સરળ ઇન્ટરફેસ, વિશ્વસનીયતા અને ઝડપી સેવા–આ ત્રણેય બાબતો લોકોમાં વિશ્વાસ ઉભો કરે છે.IndianOil ONE જેવી એપ્સ દર્શાવે છે કે યોગ્ય આયોજન અને યૂઝર-ફ્રેન્ડલી ડિઝાઇન દ્વારા ટેક્નોલોજીનો વ્યાપક સ્વીકાર શક્ય છે. ડિજિટલ યુગમાં સફળતા હવે માત્ર નવીનતા પર આધારિત નથી–પરંતુ વાસ્તવિક જરૂરિયાતોને સમયસર અને અસરકારક રીતે પૂરી કરવાની ક્ષમતા પર આધારિત છે.

**મયુર ભુસાવળકર (સાયબર એક્સપર્ટ)ના શબ્દોમાં,**“ટ્રેન્ડ એ બતાવે છે કે લોકો હવે તે ટેક્નોલોજી તરફ વળી રહ્યા છે, જે જીવનને સરળ બનાવે–માત્ર રસપ્રદ નહીં, પરંતુ ઉપયોગી બને.”આજનો યુગ એ જ એપ્સનો છે, જે ‘લાઇફસ્ટાઇલ’ નહીં, પરંતુ ‘લાઇફલાઇન’ બની જાય.

### ટેક્નોલોજીનો વિકાસ કે જેણે આપણી રોજિંદી જિંદગી બદલી નાંખી

# બારકોડથી QR કોડ સુધી ડિજિટલ યુગની ‘સ્માર્ટ સફર’

આજના ઝડપી ડિજિટલ યુગમાં, આપણે રોજબરોજ બારકોડ અને QR કોડનો ઉપયોગ કરીએ છીએ - ઘણી વખત સમજ્યા વગર! સુપરમાર્કેટમાં પ્રોડક્ટ સ્કેન કરવી હોય કે ચાની કીટલી પર મોબાઈલથી પેમેન્ટ કરવું હોય, આ બંને ટેક્નોલોજી આપણા જીવનનો અભિન્ન ભાગ બની ગઈ છે. **અર્જુન શર્મા, આઇટી એક્સપર્ટ**

**આજે તો “ચા વાળો પણ QR થી પેમેન્ટ લે છે” – આ વાક્ય હકીકત બન્યુ !**

### બારકોડ : શરૂઆતની સ્માર્ટ ઓળખ

1940ના દાયકામાં Norman Woodland અને Bernard Silver દ્વારા વિકસાવવામાં આવેલ બારકોડે માહિતી સંગ્રહની દુનિયામાં ક્રાંતિ કરી. 1974માં પહેલીવાર એક ચ્યુઇંગ ગમના પેકેટ પર બારકોડ સ્કેન થયો અને ત્યારથી રિટેલ, ગોડાઉન અને લોજિસ્ટિક્સમાં તેનો વ્યાપક ઉપયોગ શરૂ થયો.બારકોડ સરળ છે - કાળી-સફેદ લાઇનોમાં માહિતી છુપાયેલી હોય છે. પરંતુ તેની મર્યાદા એ છે કે તે માત્ર ઓછી માહિતી જ સંગ્રહ કરી શકે છે અને તેને વાંચવા માટે ખાસ સ્કેનર જરૂરી હોય છે.

### QR કોડ : આધુનિક ટેક્નોલોજીનો તાકાતવર જવાબ

1994માં જાપાનની Denso Wave કંપનીએ QR કોડ વિકસાવ્યો. “Quick Response” એટલે ઝડપથી માહિતી મેળવવી - અને આ ટેક્નોલોજી એ જ કરે છે. QR કોડમાં વધુ માહિતી સંગ્રહ થઈ શકે છે અને તેને કોઈપણ સ્માર્ટફોનથી સરળતાથી સ્કેન કરી શકાય છે.સ્માર્ટફોન અને ઇન્ટરનેટના વિકાસ પછી QR કોડે 2010 પછી ધમાકેદાર લોકપ્રિયતા મેળવી. ખાસ કરીને ભારતમાં 2016 પછી UPI અને ડિજિટલ ઇન્ડિયાના કારણે તેનો ઉપયોગ આસમાને પહોંચી ગયો.




**બારકોડ vs QR કોડ: શું છે ફરક?**

| બારકોડ | QR કોડ |
| --- | --- |
| આકારલાઇનો (1D) | ચોરસ (2D) |
| માહિતીઓછી | વધારે |
| સ્કેનિંગ | ખાસ સ્કેનર, મોબાઇલ કેમેરા |
| ઉપયોગસ્ટોક, રિટેલ | પેમેન્ટ, માર્કેટિંગ |

**આજકાલ QR કોડનો ઉપયોગ દરેક ક્ષેત્રમાં થઈ રહ્યો છે**

**મુખ્ય ફાયદા છે** - ઝડપ, સરળતા, પેપરલેસ સિસ્ટમ અને ટચ વગરની માહિતી પ્રાપ્તિ.

**સાવચેત રહો!** | QR કોડ જેટલો ઉપયોગી છે, એટલો જ જોખમી પણ બની શકે છે જો સાવચેતી ન રાખીએ. અજાણ્યા QR કોડ સ્કેન કરવાથી ફ્રોડ થવાની શક્યતા રહે છે, તેથી હંમેશા વિશ્વસનીય સ્ત્રોતનો જ ઉપયોગ કરવો.

**અંતિમ વિચાર** | બારકોડથી શરૂ થયેલી ટેક્નોલોજીની સફર આજે QR કોડ સુધી આવી પહોંચી છે - વધુ ઝડપી, વધુ સ્માર્ટ અને વધુ અસરકારક. ડિજિટલ યુગમાં QR કોડ માત્ર એક ટેક્નોલોજી નથી, પણ આપણા જીવનને સરળ બનાવતો એક શક્તિશાળી સાધન છે.

# આદિવાસી સમાજ માટે મહુડો માત્ર વૃક્ષ નહીં, સંસ્કૃતિ, અર્થતંત્ર અને આરોગ્યનો આધારસ્તંભ

**વસંત બાદ મહુડાના ફૂલની સીઝનથી પંથકમાં આર્થિક ચેતના, પરિવારો માટે ‘કલ્પવૃક્ષ’ સમાન સાબિત**

**ફૂલથી લઈને ડોળી સુધી ઉપયોગ: પરંપરાગત ખોરાક, ઔષધીય ગુણધર્મો અને પૂરક આવકનું મુખ્ય સાધન**

સુખસર તથા ફતેપુરા તાલુકાના પહાડી અને જંગલ વિસ્તારોમાં કુદરતની અમૂલ્ય ભેટ ગણાતા મહુડાના વૃક્ષો હાલમાં ગ્રામ્ય આદિવાસી સમાજ માટે “સોના જેવી” આવક વરસાવી રહ્યા છે. વસંત ઋતુની વિદાય અને ઉનાળાની શરૂઆત સાથે જ મહુડાના ફૂલ (ગુલ) ટપકવાની સીઝન શરૂ થતાં સમગ્ર પંથકમાં ઉત્સાહ અને આર્થિક સક્રિયતા જોવા મળી રહી છે.






### વહેલી સવારથી સીમ-વગડામાં ચહલપહલ

ગ્રામ્ય વિસ્તારોમાં વહેલી સવારના ચાર વાગ્યાથી જ અબાલ-વૃદ્ધ સૌ કોઈ ટોપલા અને પોટલાં લઈને સીમ-વગડા તરફ દોડી જાય છે. આખા પરિવારો મહુડાના ફૂલ એકત્ર કરવાની કામગીરીમાં વ્યસ્ત જોવા મળે છે. આ વિસ્તારના ગરીબ પરિવારો માટે મહુડો માત્ર એક વૃક્ષ નથી, પરંતુ તેમની જીવન જરૂરિયાતો પૂરી કરતું “કલ્પવૃક્ષ” સમાન બની ગયું છે.



### ઐતિહાસિક રીતે સમૃદ્ધિના પ્રતીક સમાન બની રહ્યું છે

ઈતિહાસ મુજબ ૨૦મી સદીમાં જે પરિવાર પાસે વધુ મહુડાના વૃક્ષો હોય તે સમૃદ્ધ માનવામાં આવતો હતો. અગાઉ લગ્ન નક્કી કરતી વખતે પણ વર પક્ષ પાસે કેટલા મહુડાના ઝાડ છે તે ધ્યાનમાં લેવામાં આવતું હતું, જેથી કન્યાનું ભવિષ્ય સુખમય રહે તેવી માન્યતા હતી. આજે પણ લગ્ન પ્રસંગો અને સામાજિક ખર્ચ માટે મહુડાના ફૂલનું વેચાણ પૂરક આવકનું મહત્વપૂર્ણ સાધન બની રહ્યું છે.

### ફૂલથી ‘ડોળી’ સુધીનો બહુમૂલ્ય ઉપયોગ

મહુડાના ફૂલને શેકીને ખાવામાં આવે છે, જે પરંપરાગત ખોરાકનો મહત્વપૂર્ણ ભાગ છે. ફૂલની સીઝન પૂર્ણ થયા બાદ આશરે દોઢ મહિના પછી આ વૃક્ષ પર ‘ડોળી’ નામનું ફળ આવે છે. ડોળીને સૂકવીને તેમાંથી તેલ કાઢવામાં આવે છે, જેનો પ્રાચીન સમયમાં રસોઈ માટે વ્યાપક ઉપયોગ થતો હતો.સ્થાનિક માન્યતા મુજબ હાથ-પગ પર સોજો આવે ત્યારે મહુડાના ફૂલને ગરમ કરીને અસરગ્રસ્ત ભાગ પર બાંધવાથી રાહત મળે છે. આ દર્શાવે છે કે આધુનિક યુગમાં પણ મહુડો પરંપરાગત ઔષધી તરીકે વિશ્વાસપૂર્વક ઉપયોગમાં લેવાય છે.

### ગ્રામ્ય અર્થતંત્રને મજબૂતી આપતું ‘સોનાનું ઝાડ’

ઉનાળાની કાળઝાળ ગરમી વચ્ચે મહુડાની સીઝન સ્થાનિક લોકો માટે આવકનું મુખ્ય સાધન બની રહી છે. સુખસર પંથકમાં મહુડાના ફૂલનું વેચાણ ગ્રામ્ય અર્થતંત્રને મજબૂત બનાવી રહ્યું છે અને આદિવાસી સંસ્કૃતિ તથા પ્રકૃતિ વચ્ચેના ગાઢ સંબંધને ઉજાગર કરે છે.

## અખબારના કટિંગમાં જીવંત કારગિલ

# બીના ખીમાણીની દેશપ્રેમથી સજેલી અનોખી સ્ક્રેપબુક



### દેશપ્રેમના સંસ્કારથી જન્મેલો અનોખો પ્રયાસ

નિવૃત્ત ભારતીય સૈનિકની પુત્રી તરીકે બીના ખીમાણી બાળપણથી જ દેશસેવાના સંસ્કારો સાથે મોટી થઈ. તેમની ઈચ્છા પોતે પણ સેનામાં જોડાઈ દેશની સેવા કરવાની હતી, પરંતુ પરિસ્થિતિઓને કારણે તે શક્ય બની શક્યું નહોતું. છતાં દેશપ્રેમની લાગણી તેમણે બીજા માર્ગે જીવંત રાખી–યાદોને સાચવીને.૧૯૯૯માં કારગિલ યુદ્ધ દરમિયાન તેમના ઘરે આવતો હિન્દી દૈનિક અખબાર તેઓ નિયમિત વાંચતા. અભ્યાસ સાથે સાથે તેઓ અખબારમાં પ્રકાશિત થતા યુદ્ધ સંબંધિત સમાચાર, સૈનિકોની બહાદુરીની કથાઓ અને તસવીરો કાપીને સંગ્રહ કરવા લાગ્યા. ધીમે ધીમે આ સંગ્રહ એક વિશાળ સ્ક્રેપબુકનું સ્વરૂપ ધારણ કરતો ગયો.

### કાગળના પાનામાં સંગ્રહાયેલો શૌર્યનો ઈતિહાસ

આ સ્ક્રેપબુક માત્ર અખબારી કટિંગ્સનો સંગ્રહ નથી. તેમાં દેશના સૈનિકોએ દર્શાવેલી બહાદુરી, બલિદાન અને સંકલ્પની જીવંત ઝલક જોવા મળે છે. દરેક પાનું જાણે એક શૂરવીરની વાર્તા કહે છે. બીના ખીમાણી માટે આ સ્ક્રેપબુક દેશપ્રેમની વ્યક્તિગત અભિવ્યક્તિ છે–એક મૌન પરંતુ શક્તિશાળી શ્રદ્ધાંજલિ. તેમણે વડોદરાની ઇએમઇ હોસ્પિટલમાં સારવાર લઈ રહેલા કારગિલ યુદ્ધના શૂરવીર કેપ્ટન હમીર સિંહ રાઠોડને મળવાની ઈચ્છા પણ વ્યક્ત કરી હતી, જોકે તે ઈચ્છા અધૂરી રહી ગઈ. છતાં તેમના પ્રત્યેનો સન્માન અને લાગણી આજે પણ એટલી જ તાજી છે. ૨૬ જુલાઈ ૧૯૯૯ના રોજ સમાપ્ત થયેલું કારગિલ યુદ્ધ લગભગ ૬૦ દિવસ સુધી ચાલ્યું હતું અને ભારતીય સેનાએ અદમ્ય સાહસ સાથે દુશ્મન દ્વારા કબજે કરાયેલા ઊંચાઈવાળા વિસ્તારો ફરી પોતાના કબજામાં લીધા હતા.




## અખબારના કટિંગમાં જીવંત કારગિલ

દરેક માણસ પાસે કોઈને કોઈ અનોખો શોખ હોય છે. કોઈ જૂની એન્ટિક વસ્તુઓ એકત્ર કરે છે, કોઈ પ્રવાસ કરે છે, કોઈ રસોઈ કે કલા સાથે જોડાયેલો રહે છે. પરંતુ વડોદરાના વારસિયા વિસ્તારમાં રહેતી બીના ખીમાણીનો શોખ સામાન્ય નથી–તે દેશપ્રેમની લાગણીઓથી ઓતપ્રોત છે. છેલ્લા ૨૬ વર્ષથી તેઓએ Kargil War સાથે જોડાયેલી તસવીરો, અખબારી કટિંગ્સ અને શૂરવીર જવાનોની ગાથાઓને એકત્ર કરીને તૈયાર કરેલી અનોખી સ્ક્રેપબુક આજે પણ પોતાના માટે અમૂલ્ય ખજાનાની જેમ સાચવી રાખી છે.